15 YEARS OF CELEBRATING THE MAHATMA

**ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, તથા જિલ્લા પંચાયત,સેવા પસંદગી સમિતીના કાર્યક્ષેત્ર હેઠળની ભરતી પ્રક્રિયામાં સ્પર્ધાત્મક પરીક્ષા/ખાતાકીય પરીક્ષા અન્વયે શાળા/કોલેજોને ભાડુ ચુકવવા બાબત**

ગુ. પં. સે. પ. બોર્ડ
ગાંધીનગર-૩૮૨૦૧૦
ઈનવર્ડ......૪૩૮.........
દફતર....સંકલન.....
તારીખ 23 MAR 2020

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક:પસબ/૧૦/૨૦૧૭/૯૫૩૯૯/ત
તા.03/03/૨૦૨૦

વંચાણે લીધા :

૧. **સામાન્ય વહીવટ વિભાગનો** તા.૧૨/૧૦/૧૫ નો ઠરાવ ક્રમાંક પરચ ૧૦૨૦૧૫-૬૯૫-ગ-૪

૨. ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના તા. ૧૨/૯/૨૦૧૮ નો પત્ર ક્રમાંક:સંકલન સમિતી-૧૦૬/૭૧૮૩થી કરેલ દરખાસ્ત

વંચાણે લીધેલ આમુખ-(૨) પરના ઠરાવથી ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, ગાંધીનગર ની **ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, તથા જિલ્લા પંચાયત,સેવા પસંદગી સમિતીના કાર્યક્ષેત્ર હેઠળની ભરતી પ્રક્રિયામાં સ્પર્ધાત્મક પરીક્ષા/ખાતાકીય પરીક્ષા અન્વયે શાળા/કોલેજોને ભાડુ ચુકવવા** બાબતે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી

ઠરાવ

પુખ્ત વિચારણાને અંતે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૫/૬૯૫/ગ.૪થી ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષાલક્ષી હેતુ અર્થે "નોન ગ્રાન્ટેબલ" શૈક્ષણિક સંસ્થાઓના વપરાશના દર/ભાડાનો દર પ્રતિ સેશન પ્રતિ ઉમેદવાર દીઠ રૂ.3/-(અંકે રૂપિયા ત્રણ પૂરા) લેખે નિયત કરવામાં આવેલ છે. અને સામાન્ય વહીવટ વિભાગના તા./૦૮/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક:કપઅ/૧૦૨૦૦૦/૫૨૯/ગ.૪ ના ફકરા- ૨ મુજબ સરકારી ગ્રાન્ટ મેળવતી શૈક્ષણિક સંસ્થાઓમાં ગ્રાન્ટની રકમમાં મકાન ભાડાનો સમાવેશ થતો હોઇ, આવી સંસ્થાઓને, આ હેતુ માટે કોઇ ભાડું ચૂકવવાનું રહેશે નહિ તેવું ઠરાવવામાં આવેલ છે."

૫. સામાન્ય વહીવટ વિભાગના અભિપ્રાય મુજંબ સરકારી અને ગ્રાન્ટેડ સંસ્થાઓ પાસેથી ખાતાકીય તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવા માટે ઉપયોગમાં લેવામાં આવતી શાળા તથા કોલેજોને ભાડુ ચૂકવવામાં આવતું નથી. "નોન ગ્રાન્ટેબલ" શૈક્ષણિક સંસ્થાઓને વપરાશના દર/ભાડાનો દર પ્રતિ સેશન પ્રતિ ઉમેદવાર દીઠ રૂ.3/-(અંકે રૂપિયા ત્રણ પૂરા) લેખે નિયત કરવામાં આવેલ છે.

૬. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવના અભિપ્રાય મુજબ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા "નોન ગ્રાન્ટેબલ" શૈક્ષણીક સંસ્થાઓને વપરાશના દર/ભાડાનો દર પ્રતિ સેશન પ્રતિ ઉમેદવાર દીઠ રૂ.3/-(અંકે રૂપિયા ત્રણ પૂરા) ચૂકવવામાં આવે છે. તે પ્રમાણે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ તથા જિલ્લા પંચાયત પસંદગી સમિતિના કાર્યક્ષેત્ર હેઠળની ભરતી પ્રક્રિયામાં ખાતાકીય તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવા માટે નોન ગ્રાન્ટેબલ" શૈક્ષણિક સંસ્થાઓને વપરાશના દર/ભાડાનો દર પ્રતિ સેશન પ્રતિ ઉમેદવાર દીઠ રૂ.3/-(અંકે રૂપિયા ત્રણ પૂરા) ચૂકવવા મંજુરી આપવામાં આવે છે

C:\Users\ADMIN\Desktop\PSB-10-2017-159073-T.docx

23 MAR 2020
સંકલન
23/03 23/3

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર મુખ્યસદર-૨૫૧૫, અન્ય ગ્રામીણ કાર્યક્રમો-૧૦૨, સમુહ વિકાસ પેટા સદર-(૨), પંચાયત સેવા પસંદગી બોર્ડની કચેરી આયોજન બહાર માંગણી નંબર-૭૦ હેઠળ મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી નાણાં ની તા.૩૧/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એલ.ભગોરા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, બ્લોક નં- ૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર- ૧૦/એ ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (પંચાયત) નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

C:\Users\ADMIN\Desktop\PSB-10-2017-159073-T.docx